eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 209
December 18, 2009

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

રાજય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલા "શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા મારફતે તા. ૧૬–૧૧–૨૦૦૯ થી તા. ૦૯–૦૧–૨૦૧૦ દરમ્યાન બાલાવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક /માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અધિકારી તરીકે ફરજ બજાવતા કુલ–૦૫ અધિકારીઓની બદલીના હુકમો

સુરત મહાનગરપાલિકા માં આસી. જંતુનાશક અધિકારી તરીકે ફરજ બજાવતા કુલ–૦૫ અધિકારીઓની બદલીના હુકમો આજ રોજ મે. મ્યુનિ. કમિશ્નરશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જે હુકમની ટુંકી વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પીટલ બ્લડબેન્કનો સંપર્ક

૧–લી જાન્યુઆરી ૨૦૦૬ થી ૩૧ મી ડિસેમ્બર ૨૦૦૮ સુધીમાં જે સ્વૈચ્છિક રકતદાતાઓએ સ્મીમેર હોસ્પીટલ ની બ્લડ બેન્કમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ / દબાણ સ્ટાફ ધ્વારા તા. ૧૭/૧૨/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની તથા રસ્તાના કબજા મેળવવાની કામગીરી નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબોને પાકા આવાસોની ફાળવણીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબોને પાકા આવાસોની ફાળવણીનો કાર્યક્રમ હાથ ધરવામા આવેલ છે. અત્યાર સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં કુલ–૩૫૦૦૦ જેટલા ઈ.ડબલ્યુ.એસ.આવાસો બાંધવાની કામગીરી જુદા જુદા તબકકા પર છે. અત્યાર સુધી તૈયાર થઈ રહેલ ઈ.ડબલ્યુ.એસ. મકાનો પૈકી ૩૭૩૧ આવાસોની ફાળવણી કરી દેવામા આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ

રાજય સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલા ''શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા મારફતે તા. ૧૬–૧૧–૨૦૦૯ થી તા. ૦૯–૦૧–૨૦૧૦ દરમ્યાન બાલાવાડી/આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માન્ય ખાનગી પ્રાથમિક /માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની તબીબી તપાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

નાના બાળકોમાં થતી સામાન્ય બિમારીઓ જેવી એનીમીયા, આંત્રકૃમિ, રંતાધળાપણું, દષ્ટ્રિની ખામી, નાક કાન, ગળાના રોગો, ચામડીના રોગો,જેવી બિમારીઓનું પ્રાથમિક શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપી તેમને આ બિમારીઓમાંથી મુકત કરવા તથા બાળકોમાં આ બિમારીઓથી બચવા માટે જાગૃતી કેળવવી તથા નાગરીકોને પોતાના બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવા એ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા આ કાર્યક્રમ હેઠળ તા. ૧૨/૧૨/૨૦૦૯ સુધીમાં ૩૬૩ પ્રાથમિક શાળા, ૧૧૧ માધ્યમિક શાળા, ૫૫ ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો મળી કુલ –૨,૮૨,૦૯૨ જેટલા બાળકોની તબીબી તપાસ હાથ ધરવામાં આવી છે. આ માટે ૫૦ મેડીકલ ટીમોની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મેડીકલ ઓફીસર, એક પેરા મેડીકલ વર્કર અને જે તે શાળાના બે શિક્ષક/શિક્ષિકા મદદ માં રહેશે.

તબીબી તપાસની કામગીરી દરમ્યાન મળી આવેલ સામાન્ય બિમારીઓ જેવી કે આંત્રકૃમી, ચામડીના રોગો, વીટામીન 'એ'ની ઉણપ, આયોડીન ઉણપ જેવા રોગોના લક્ષણો ધરાવતા ૨૨,૪૭૭ બાળકોની સારવાર જે તે શાળામાંજ આપવામાં આવી છે. જયારે સ્થળ પર સારવાર આપી ન શકાય તેવી બીમારીવાળા ૨૭૮૯ બાળકોને (૧) મસ્કતી ધર્માર્થ હોસ્પીટલ (૨) સ્મીમેર હોસ્પીટલ (૩) નવી સીવીલ હોસ્પીટલ તથા આંખની તપાસ માટે જુની સીવીલ હોસ્પીટલ ખાતે તજજ્ઞ તબીબોની સેવાઓ વિના મુલ્યે મળી રહે તે માટે રીફર કરવામાં જે પૈકી ૧૧૭૮ બાળકોને સારવાર આપવામાં આવી છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશ્નર શ્રી કુ. એસ. અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે. કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી મારફતે કરવામાં આવ્યું છે.

TOP

# અધિકારી તરીકે ફરજ બજાવતા કુલ–૦૫ અધિકારીઓની બદલીના હુકમો

સુરત મહાનગરપાલિકા માં આસી. જંતુનાશક અધિકારી તરીકે ફરજ બજાવતા કુલ–૦૫ અધિકારીઓની બદલીના હુકમો આજ રોજ મે. મ્યુનિ. કમિશ્નરશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જે હુકમની ટુંકી વિગત નીચે મુજબ છે.

| અ.નં. | અધિકારીનું નામ | હાલના ઝોનનું નામ | બદલીના ઝોનનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રીમતિ જી.આર. જરીવલા | વેસ્ટ ઝોન | નોર્થ ઝોન |
| ૨ | શ્રી એન.બી.સુથાર | નોર્થ ઝોન | સેન્ટ્રલ ઝોન |
| ૩ | શ્રી આર.એસ. માંડલેકર | સેન્ટ્રલ ઝોન | વેસ્ટ ઝોન |
| ૪ | શ્રી જે.ડી. પટેલ | સાઉથ વેસ્ટ ઝોન | સાઉથ ઈસ્ટ ઝોન |
| ૫ | શ્રી જે.બી. પવાર | સાઉથ ઈસ્ટ ઝોન | સાઉથ વેસ્ટ ઝોન |

TOP

## સ્મીમેર હોસ્પીટલ બ્લડબેન્કનો સંપર્ક

૧–લી જાન્યુઆરી ૨૦૦૬ થી ૩૧ મી ડિસેમ્બર ૨૦૦૮ સુધીમાં જે સ્વૈચ્છિક રકતદાતાઓએ સ્મીમેર હોસ્પીટલ ની બ્લડ બેન્કમાં દશ કે દશથી વધુ વખત રકતદાન કર્યું હોય તેમણે તે અંગેના સંપુર્ણ માહિતી દિન–૭માં સ્મીમેર હોસ્પીટલ બ્લડબેન્કનો સંપર્ક કરવો.

TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) શહેર વિકાસ વિભાગ /દબાણ સ્ટાફ ધ્વારા તા. ૧૭/૧૨/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની તથા રસ્તાના કબજા મેળવવાની કામગીરી નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૨૫ (ટુંકી સીગણપોર)માં આવેલ ૩૦ મીટર પહોળા સીંગણપોર મેઈન રોડ ઉપર મુળ પ્લોટ નં.૨૪ થી મુળ પ્લોટ નં. ૨૬ તરફે આશરે ૪૦૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યાનો તેમજ ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) મુળ પ્લોટ નં. ૧૬ (અર્ચના સોસાયટી) માંથી ૧૨.૦૦ મીટર પહોળ ટી.પી. રસ્તા અન્વયે આશરે ૧૫૦૦ ચો.ફુટરસ્તા પૈકીની જગ્યાનો કબજો મેળવી રસ્તા વિભાગ ધ્વારા ફુટપાથ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૧૮ (કતારગામ), ફાયનલ પ્લોટ નં. ૧૪૪ સેલેબલ પ્લોટ ફોર કોમર્શીયલના રીઝર્વેશનવાળી જગ્યા પૈકી ૬૮૦૦ ચો.ફુટ જગ્યાનો કબજો મેળવી ફેન્સીંગ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબોને પાકા આવાસોની ફાળવણીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબોને પાકા આવાસોની ફાળવણીનો કાર્યક્રમ હાથ ધરવામા આવેલ છે. અત્યાર સુધી શહેરના જુદા જુદા વિસ્તારોમાં કુલ–૩૫૦૦૦ જેટલા ઈ.ડબલ્યુ.એસ.આવાસો બાંધવાની કામગીરી જુદા જુદા તબકકા પર છે. અત્યાર સુધી તૈયાર થઈ રહેલ ઈ.ડબલ્યુ.એસ. મકાનો પૈકી ૩૭૩૧ આવાસોની ફાળવણી કરી દેવામા આવેલ છે. સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભા ધ્વારા મંજુર થયેલ નિતિ અન્વયે તાપી નદીના કિનારે આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારના રહીશોને વારંવાર ચોમાસા દરમ્યાન પુર અને પુર જેવી પરિસ્થિતિને કારણે થતી તકલીફને નિવારવા માટે અને તેઓને પાકા આવાસો પુરી પાડવા માટે તાપી નદી કિનારે વસતા પરિવારોને અગ્રતાના ધોરણે પાકા આવાસો ફાળવવાની કામગીરી હાથ ધરવામા આવેલ છે.

તાપી કિનારે આવેલ જલારામ નગરનાં ૪૮૩ પરિવારોને, જે.પી.નગરનાં ૧૭૪ પરિવારોને તથા ઈકબાલનગરનાં ૪૦૫ પરિવારોને રાંદેર અને જહાંગીરાબાદ વિસ્તારમાં ઈ.ડબલ્યુ.એસ.આવાસો ફાળવણી કરવામા આવેલ છે. તમામ મકાનો વ્યકિતગત શૌચાલય,પીવાનું પાણીનું કનેકશન સાથે સુસજજ છે અને કોલોનીમાં પાકા રસ્તા,કમ્પાઉન્ડ વોલ અને સ્ટ્રીટલાઈટની સુવિધા પણ કરવામાં આવેલ છે.

૨૦૦૭–૦૮ દરમ્યાન ઝુંપડપટ્ટી વિસ્તારમાં ફોટા સાથે કરેલ બાયોમેટ્રીક સર્વે તેમજ રહીશ ધ્વારા રજુ કરવામાં આવતી સાધનીક પુરાવાના આધારે રાંદેર ઝોન તરફથી જાહેરમાં યોજાતી ડ્રો ધ્વારા મકાનની ફાળવણી કરવામાં આવે છે. આ વિસ્તારોમાં મકાન મેળવવા માટે ઝોન ધ્વારા અરજીપત્રકની વહેંચણી કરવામાં આવેલ. જે.પી.નગરમાં ૨૦૦૮ દરમ્યાન,જલારામનગરમાં જુન તેમજ સપ્ટેમ્બર–૨૦૦૯ દરમ્યાન તેમજ ઈકબાલનગરમાં–૨૦૦૮ અને ૨૦૦૯ દરમ્યાન અરજીપત્રકની વહેંચણી કરવામાં આવેલ હતી. જેમ જેમ રહીશો ધ્વારા ભરેલ અરજીપત્રક તેમજ પુરાવા ઝોનમાં રજુ કરવામા આવ્યા તેમ તેમ જુદા જુદા તારીખો પર ડ્રો કરીને મકાનોની ફાળવણી કરવામા આવેલ છે. અત્યાર સુધી ઈકબાલનગર માટે ફેબ્રુઆરી–૨૦૦૮થી નવેમ્બર–૨૦૦૯ સુધી જુદી જુદી ૯(નવ) વખત આવાસોની ફાળવણી માટે જાહેર ડ્રો કરવામાં આવેલ. તેમજ જે.પી. નગરમાં જુલાઈ–૨૦૦૯ થી ૧૧–ડીસેમ્બર–૨૦૦૯ સુધી આવાસોની ફાળવણી માટે કુલ–૦૪ વખત ડ્રો કરવામાં આવેલ. તેમજ જલારામનગરમાં ઓગષ્ટ–૨૦૦૯ થી ૧૧–ડીસેમ્બર–૨૦૦૯ સુધીમાં આવાસો ફાળવણી કરવા માટે ૦૬ વખત ડ્રો કરવામાં આવેલ.

જે કિસ્સાઓમાં અરજદાર ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે મકાનની ફાળવણી અંગે ઝોન કક્ષાએથી નિર્ણય થઈ શકતો નથી અથવા અરજદારને ઝોન કક્ષાએથી થયેલ નિર્ણયથી અસંતોષ છે, તેવા કિસ્સાઓમાં સુરત મહાનગરપાલિકાના ત્રણ વિભાગીય વડાઓની એપેલેટ કમિટિમાં પુરાવાઓની ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવામાં આવે છે. પુરાવાઓ રજુ કરવા માટે પુરતો સમય આપેલ હોવા છતાં જે અરજદારોએ પુરાવા રજુ કરી શકયા નથી તેઓ ધ્વારા હવે પછી પણ પુરાવા રજુ કર્યેથી મકાનની ફાળવણી થઈ શકશે.

તા.૧૩/૧૨/૨૦૦૯ના રોજ જલારામનગર,જે.પી.નગર અને ઈકબાલનગરમાં આવેલ અને અત્યારસુધી અરજદારો તરફથી પોતે ઉતારવામાં આવેલ ન હોય તેવા કાચા બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામા આવેલ જેમાં સુરત મહાનગરપાલિકાના સ્ટાફ ઉપરાંત પુરતો બંદોબસ્ત પણ રાખવામાં આવેલ. દિવસ દરમ્યાનની કામગીરીમાં મકાન મેળવેલ લાભાર્થીઓને મહાનગરપાલિકાના વાહનો ધ્વારા પોતાના સામાન પાકા આવાસોમાં લઈ જવા માટેનો સવલત પુરી પાડવામાં આવેલ છે. સાંજે ૭ઃ૦૦ કલાક સુધી થયેલ કામગીરીમાં ઈકબાલનગર અને જે.પી.નગરના લગભગ તમામ બાંધકામ દુર કરવામાં આવેલ છે. જયારે જલારામનગરમાં મોટાભાગનું કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સુર્યાસ્ત પછી સ્થળ પર રહેલા કુટુંબોને ફુડ પેકેટ વિતરણની કામગીરી હાથ ધરવામા આવેલ છે. અને જે પરિવારોને કામચલાઉ રોકાણ માટે વ્યવસ્થાની જરૂર હોય, તેઓને માટે નગર પ્રાથમિક શાળા ક્રમાંક – ૧૫૨/૮૮,૧૪૮/૧૪૯ તેમજ નગર સમુદાય કેન્દ્ર કોઝવે પાસે સુવિધાની જાહેરાત કરવામાં આવેલ છે.

કામગીરી દરમ્યાન જલારામનગર ઝુંપડપટ્ટીના રહીશ શ્રી લક્ષ્મણભાઈ બાબુરાવ ચંદનકર ધ્વારા આત્મવિલોપનનો પ્રયાસ કરવામા આવેલ. તેઓશ્રીને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામા આવેલ છે અને સારવારની તમામ જરૂરી સહાય પુરી પાડવામા આવે છે. શ્રી લક્ષ્મણભાઈ ધ્વારા જલારામ નગરનું બાયોમેટ્રીક સર્વે મુજબનું ઘર નં. ૪૩૩ માટે અરજી કરવામા આવેલ હતી. જો કે ૨૦૦૭–૦૮માં થયેલ સર્વેમાં આ ઘર નં. ૪૩૩ ની સામે લેવામા આવેલ ફોટોમાં શ્રી સંજુ સટાટેનું ફોટો પાડવામા આવેલ હતું. પોતાની અરજીની સાથે શ્રી લક્ષ્મણભાઈ ધ્વારા પુરાવા સ્વરૂપે ટેનામેન્ટ નં. ૯૨૩૦નો વર્ષ ૧૯૯૬–૯૭ અને વર્ષ ૨૦૦૭–૦૮નું વેરાબીલ રજુ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકાના દફતરે ઉકત મિલ્કત નંબર ૯૨૩૦ શ્રી દુલાભાઈ પ્રેમાભાઈ પટેલના નામે ચાલે છે. તેથી અરજદાર શ્રી લક્ષ્મણભાઈ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા અસ્પષ્ટ હોય, તેમના પરિવાર જનને તેઓની તા. ૦૮/૧૨/૨૦૦૯ની ઝોનની રૂબરૂ મુલાકાત દરમ્યાન કેસનું નિર્ણય ઝોનની કમિટિમાં લેવાશે તે અંગેની જાણ કરવામાં આવી હતી. હાલ ઉકત મકાન તા. ૧૩/૧૨/૨૦૦૯ની કામગીરી દરમ્યાન દુર કરવામાં આવેલ નથી.

TOP